રાજકોટ  શહેર પોલીસ દ્વારા કરવામાં આવેલ સારી કામગીરીની વિગત નીચે મુજબ છે.

સાયબર સેલ ક્રાઇમ બ્રાન્ચ માહે ૦૯/૨૦૨૦ ની સારી કામગીરી

| ક્રમ | વિગત | સંખ્યા | કિંમત | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | Mobile Recover | 150 | 16,02,096/- | કુલ  મોબાઇલ કિંમત રૂ.૧૬,૦૨,૦૯૬/- ના મોબાઇલ રીકવર કરી પરત અરજદારોને સોપ્યા |
| ૨ | Social App. | 52 | - | ચાલુ માસે સોસીયલ મીડીયાની અરજી અન્વયે ફેસબુક તેમજ અન્ય સોર્સ મારફતે માહિતી મેળવી અરજીનો રીપોર્ટ કરેલ છે. |
| 3 | Financial Fraud | 19 | - | કુલ-   અરજી જેમાં રૂ.૧,૮૫,૮૦૦/- પેમેન્ટ ગેટ-વે મારફતે પરત ભોગ બનનાર ના એકાઉન્ટમાં જમા કરાવેલ. |

PRESS NOTE

# RAJKOT CITY CRIME BRANCH

## ગુજરાત તથા મહારાષ્ટ્ર વિગેરે આંતર રાજયમાં ઘરફોડ ચોરીઓના ગુનામાં અગાઉ પકડાયેલ આરોપીને પકડી ઘરફોડ ચોરીનો અનડીટેકટ ગુનો ડીટેકટ કરતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર **પોલીસ કમિશ્નરશ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સયુંકત પોલીસ કમિશ્નરશ્રી ખુરશીદ એહમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી પ્રવીણકુમાર મીણા સાહેબ ઝોન-૧ તથા શ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ ઝોન-૨** નાઓએ રાજકોટ શહેરમા મિલકત સંબંધી ગુન્હાઓ બનતા અટકાવવા તેમજ અનડીટેકટ ગુન્હાઓ શોધી કાઢવા સુચના કરેલ હોય જેથી તેઓ સાહેબની સુચના તથા અમો **પો.ઇન્સ.વી.કે.ગઢવી** ના સીધા માર્ગદર્શન હેઠળ આજ રોજ તા.૦૭/૦૯/૨૦૨૦ ના ડી.સી.બી. પો.સ્ટે.ના પો.સ.ઇ.શ્રી. એમ.વી.રબારી, તથા એ.એસ.આઇ. જયુભા એમ.પરમાર પો. હેડ કોન્સ. પ્રતાપસિંહ ઝાલા, જે.પી. મેવાડા, હરદેવસિંહ જાડેજા, તથા પો. કોન્સ. એભલભાઇ બરાલીયા, સોકતભાઇ, તોરલબેન નાઓ પેટ્રોલીંગમા હતા જે દરમ્યાન પો.હેડ કોન્સ જગદીશભાઇ મેવાડા, હરદેવસિંહ જાડેજા અને પો.કોન્સ. એભલભાઇ બરાલીયાનાઓની ચોકકસ **હકિકત આધારે** રૈયા ટેલીફોન એક્ષચેંજ રાજકોટ શહેર ખાતેથી પકડી પાડેલ આરોપી

આરોપી :- સુરજ ચકબહાદુર દમાઇ ઉવ. ૨૭, ધંધો. બેકાર, રહે.રૈયા ટેલીફોન એક્ષચેંજ ગોલ્ડન પાર્ક મેઇન રોડ ભકિતધામ સોસાયટી રાજકોટ, મો.નં. ૯૩૨૨૬ ૫૩૫૦૭, મુળ ગામ ભલકા, કેલાલી નેપાળ,

**ગુન્હા મોડસ ઓપરેન્ડીની વિગત- આરોપીએ ફરીયાદીના રહેણાક મકાનની અંદર ગેરકાયદેસર પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના ઘરેણા તથા રોકડ રૂપીયા પાંચ હજાર મળી કુલ- રૂ.રૂ.૯૪,૦૦૦/- ની ચોરી કરી લઇ ગયેલ હોય**

**ડીટેકટ થયેલ ગુન્હો :- ગાંધીગ્રામ-૨, યુની. પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૯૬/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ**

**નોંધ – આ કામનો આરોપી ચોરી કર્યા બાદ મુંબઇ જતો રહેલ હોય આરોપીની ગતી વિધી ઉપર વોચ રાખી છેલ્લા બે દીવસ પહેલા રાજકોટ આવેલ અને હકિકત મળતા પકડી પાડવામાં આવેલ છે.**

**આરોપીનો ગુનાહીત ઇતીહાસ-**

(૧) એ.ડીવી. ૨૫૩/૨૦૧૯ ઇ.પી.કો. ૩૭૯, ૧૧૪,
(૨) બ્રાંદા પો.સ્ટે. ૬૦૫/૨૦૧૯ ઇ.પી.કો. ૩૭૯,
(૩) બ્રાંદા રેલ્વે પો.સ્ટે. ૧૯૮૫/૨૦૧૮ એન.ડી.પી.એસ. એકટ ૮,૨૭,
(૪) અંધેરી રેલ્વે પો.સ્ટે. ૧૫૩૬/૨૦૧૮ રેલ્વે એકટ – ૧૪૭
(૫) અંધેરી રેલ્વે પો.સ્ટે. ૩૩૧/૨૦૧૮ ઇ.પી.કો. ૩૭૯,
(૬) દેતોલી પો.સ્ટે. ૦૭/૨૦૧૭ ઇ.પી.કો. ૩૭૯,
(૬) નવગ્રહ પો.સ્ટે. ૨૮૪/૨૦૧૮ બી.પી.એકટ ક.૧૨૨,

(વી.કે.ગઢવી)
પોલીસ ઇન્સપેકટર
ડી.સી.બી. પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

PRESS NOTE

# RAJKOT CITY CRIME BRANCH

## વિમેક્ષ એગ્રો પ્રા.લી. માં થયેલ એગ્રો પ્રોડકટની ઘરફોડ ચોરીના ગુનાના આરોપીઓને પકડી પાડી ગુનો ડીટેકટ કરી રૂા. ૧,૧૦,૦૯૯/- નો તમામ મુદામાલ રીકવર કરતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સયુંકત પોલીસ કમિશ્નરશ્રી ખુરશીદ એહમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી પ્રવીણકુમાર મીણા સાહેબ ઝોન-૧ તથા શ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ ઝોન-૨ નાઓએ રાજકોટ શહેરમા મિલકત સબંધી ગુન્હાઓ બનતા અટકાવવા તેમજ અનડીટેકટ ગુન્હાઓ શોધી કાઢવા સુચના કરેલ હોય જેથી ઉપરી અધિકારીશ્રીઓની સુચના તથા અમો પો.ઇન્સ.વી.કે.ગઢવી ના સીધા માર્ગદર્શન હેઠળ આજ રોજ તા.૦૮/૦૯/૨૦૨૦ ના ડી.સી.બી. પો.સ્ટે.ના પો.સ.ઇ.શ્રી. એમ.વી.રબારી તથા ટીમના માણસો પેટ્રોલીગમા હતા જે દરમ્યાન એ.એસ.આઇ. જે.એમ.પરમાર, પો. હેડ કોન્સ. પ્રતાપસિંહ ડી.ઝાલા, પો.કો. એભલભાઇ બરાલીયા નાઓની ચોકકસ **હકિકત આધારે** ગારીડા ગામની સીમ તથા મેસરીયા ગામેથી ચોરીમાં ગયેલ તમામ મુદામાલ સાથે આરોપીઓને પકડી પાડેલ છે.

પકડેલ
આરોપીઓ

૧ અમરસિંહ અરજણભાઇ વાટીયા, જાતે કોળી ઉવ.૨૨, ધંધો ખેતી. રહે. ઠાગો વિસ્તાર ગારીડા, તા. જી. રાજકોટ

૨ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર

મુદામાલ રીસીવર- મહેબુબ હુશેન અલીભાઇ ચૌધરી રહે. ગામ મેસરીયા તા. વાંકાનેર જી. મોરબી

**ગુન્હા મોડસ ઓપરેન્ડીની વિગત-** વિમેક્ષ જંતુનાશક દવાની ફેકટરી માં સેડના રૂફ ટોપના એકઝોસ્ટ ફેન ખોલી ફેન ખસેડી તે મારફતે સેડમાં પ્રવેશી કરી ફેકટરીના પ્રોડક સ્ટોરેઝમાંથી જંતુનાશક દવા તથા કોમ્યુટરની ચોરી કરી કુલ રૂપીયા- ૧,૧૦,૦૯૯/- મુદામાલ લઇ જઇ ગુનો કરેલ છે.

**ડીટેકટ થયેલ ગુન્હો-** કુવાડવા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૮૦૩૭૨૦૧૫૬/૨૦૨૦ ઇ.પી.કો. કલમ- ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ

**નોંધ -** આ કામના આરોપી નં. (૧)તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર નં. (૨)નાએ ચોરી કર્યા બાદ જંતુનાશક દવા પોતાના ખેતરના ઢાળીયામાં સાચવી રાખી તેમજ દવાના વેપારી મહેબુબ હુશેન અલીભાઇ ચૌધરી રહે. ગામ મેસરીયા તા. વાંકાનેર જી. મોરબી વાળા જંતુનાશક દવાના વેપારી હોય તેઓને ચોરીનો માલ વેચાણ આપેલ જેની હકિકત ચોરીમાં ગયેલ તમામ જંતુનાશક દવા તથા આરોપી નં. (૧)ને પકડી પાડવામાં આવેલ છે.

**કબ્જે કેરલ મુદામાલ-** જંતુનાશક દવાની બોટલો તથા પાઉચના પેકીંગ તથા કોમ્યુટર મળી કુલ રૂા. ૧,૧૦,૦૯૯/-ની થયેલ ચોરીનો તમામ મુદામાલ કબ્જે કરેલ છે.

**કામગીરી કરનાર અધીકારી કર્મચારીઓ -** શ્રી. વી.કે. ગઢવી. પો.ઇન્સ. તથા પો.સ.ઇ. એમ.વી. રબારી, તથા એ.એસ.આઇ. જયુભા પરમાર, હેડ કોન્સ. પ્રતાપસિંહ ઝાલા, જે.પી.મેવાડા, હરદેવસિંહ જાડેજા, પો.કો. એભલભાઇ બરાલીયા, તથા સોકતભાઇ ખોરમ, કુલદીપસિંહ જાડેજા તથા મહીલા પો.કો. તોરલબેન જોષી

(વી.કે.ગઢવી)
પોલીસ ઇન્સપેકટર
ડી.સી.બી. પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

# રાજકોટ સીટી ક્રાઇમ બ્રાન્ચ

## ગેરકાયદેસરની દેશીબનાવટની રીવોલ્વર-૧ તથા જીવતા કાર્ટીઝ-૪ સાથે કુલ ત્રણ ઇસમોને પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેરમાં પ્રજાની શાંતી અને સલામતી જળવાઇ રહે તે માટે શહેરના અસામાજીક તત્વો ઉપર વોચ રાખવા તેમજ શરીર સબંધી ગુનાઓ અટકાવવા અને શરીર સબંધી તથા ગે.કા. હથીયાર વડે ગુનાઓ આચરતા ગુનેગારોની ધરપકડ કરવા તેમજ અસામાજીક અને ગેરકાયદેસર પ્રવૃતિ સદંતર નાબુદ કરવા રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સયુંકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ અહેમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી પ્રવિણકુમાર મીણા સાહેબ ઝોન-૧ તથા શ્રી જાડેજા સાહેબ ઝોન-૨ નાઓએ સુચના કરેલ હોય જે સુચના અન્વયે અમો ડી.સી.બી. પો.સ્ટેના પો.ઇન્સ.વી.કે.ગઢવી ના સીધા માર્ગદર્શન મુજબ આજ રોજ આજરોજ તા.૧૬/૦૯/૨૦ ના ડી.સી.બી. પો.સ્ટે. ના પો.સ.ઇ.એમ.વી. રબારી તથા ટીમના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા જે દરમ્યાન સાથેના પો. હેડ કોન્સ. પ્રતાપસિંહ ઝાલા, હરદેવસિંહ જાડેજા, અને એભલભાઇ બરાલીયા નાઓને મળેલ સયુંકત હકિકત આધારે કુવાડવા ગામની ચોકડી વાંકાનેર જતા રોડના નાકા ઉપરથી આરોપીઓના કબ્જામાંથી બજાજ સી.ટી. ૧૦૦ મોટર સાઇકલ ઉપર ડબલ સવારીમાં આરોપોઓને ગેર કાયદેસરના હથીયાર રીવોલ્વર નંગ-૧ તથા જીવતા કાર્ટીઝ નંગ- ૪ સાથે આરોપી નંબર (૧) તથા (૨) નાઓને પકડી સદરહુ હથિયાર આરોપી નંબર (૩) વાળા પાસેથી લઇ આવેલ હોય જેથી તેઓને તુરત જ નવાગામ ખાતેથી પકડી પાડવામાં આવેલ છે.

આરોપીઓ

- (૧) સાગરભાઇ ઉર્ફે મેહુલ ધોધાભાઇ બાંભવા જાતે ભરવાડ ઉવ ૨૫ રહે. સ્વસ્તિક વિલા શેરી નંબર ૧ મકાન નંબર ૪ સેટેલાઇટ ચોક મોરબી રોડ રાજકોટ
- (૨) ધારાભાઇ ઝાલાભાઇ રાતડીયા જાતે ભરવાડ ઉવ. ૩૦ ધંધો જમીન-મકાન દલાલી રહે. દીગ્વીજય નગર જય ખોડીયારમાં મકાન પેડક સરકારી હોસ્પીટલની પાછળ વાંકાનેર
- (૩) મનિષભાઇ ઉર્ફે મુન્નો પ્રશાંતભાઇ રાવત જાતે રાજગોર બ્રાહ્મણ ઉવ. ૪૦ ધંધો ફાઇનાન્સનો રહે. હરીઓમ પાર્ક મકાન નંબર જી/૨૦ મહેન્દ્રનગર હળવદ રોડ મોરબી.

- કબજે કરેલ મુદામાલ- (૧) ગે.કા. દેશી બનાવટની રીવલ્વર નંગ-૧ કિ.રૂા.૧૦,૦૦૦/-
  (૨) જીવતા કાર્ટીઝ નંગ-૪ કિ.રૂ.૪૦૦/-
  (૩) મો.સા. વાહન નં. જીજે ૦૩ જેઇ ૫૯૦૬ કિ.રૂા. ૧૨,૦૦૦/- મળી કુલ રૂા.૨૨,૪૦૦/-
- આરોપીનો ગુન્હાહીત ઇતીહાસ-
  આરોપી નં. (૨) વાકાનેર સીટી પો.સ્ટે. ૫૦૯/૨૦ પ્રોહી કલમ. ૬૫ ઇ. ૧૧૬ બી.
  આરોપી નં (૩) વિરૂધ્ધમાં મોરબી તાલુકા પો.સ્ટે. ફ. ગુ.ર.નં. ૦૧૧૫/ ૨૦૧૫ આર્મ્સ એકટ ક.૪-૨૫(૧) (એ) ૪૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, વિ. તથા મુળી પો.સ્ટે. ૩૦૦૯/૨૦૧૪, આર્મ્સ એકટ ૨૫(૧) બી.એ. તથા મોરબી તાલુકા પો.સ્ટે. આર્મ્સ એકટ ૨૫(૧) બી.એ. તથા માનકુવા પો.સ્ટે. ઇ.પી.કો. કલમ. ૪૦૬, ૪૨૦, ૧૧૪ વિ. તથા મોરબી પો.સ્ટે. દારૂના કેસમાં પકડાયેલ છે.

કામગીરી કરનાર અધિકારી /કર્મચારીઓ- શ્રી. વી.કે. ગઢવી પોલીસ ઇન્સપેકટર તથા શ્રી એમ.વી.રબારી પો.સબ ઇન્સ. તથા એ.એસ.આઇ. જયેન્દ્રસિંહ એમ. પરમાર, પો.હેડ કોન્સ. પ્રતાપસિંહ ડી. ઝાલા, જે.પી.મેવાડા, હરદેવસિંહ જાડેજા, પો.કોન્સ. એભલભાઇ બરાલીયા, સોકતભાઇ ખોરમ, તથા મહીલા પો.કોન્સ. તોરલબેન જોષી.

( વી. કે. ગઢવી )
પોલીસ ઇન્સ્પેકટર,
ડી. સી. બી. પો.સ્ટે.
રાજકોટ શહેર

# રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચની પ્રેસનોટ

## આજીડેમ ચોકડી થી ભાવનગર જતા હાઇવે રોડ પર આવેલ પ્રેમધ્વાર ફાર્મ હાઉસ પાસેથી એક દેશી તમંચા તથા જીવતા કાર્ટીઝ નંગ-૪ સાથે એક ઇસમને પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

**રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ, તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ અહેમદ સાહેબ તથા પ્રવિણકુમાર મીણા, ડી.સી.પી.ઝોન-૧ સાહેબ, તથા મનોહરસિંહ જાડેજા, ડી.સી.પી.ઝોન-ર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ**

મિલ્કત સબંધી ગુન્હાઓ બનતા અટકાવવા અને તેમજ તથા પ્રોહી.તથા જુગારના કેસો શોધી કાઢવા અંગે અસરકારક કામગીરી કરવા સુચના આપેલ જે અનુસંધાને અમો પો.ઇન્સ.વી.કે.ગઢવી ના માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પો.સબ ઇન્સ.વી.જે.જાડેજા નાઓ તથા એ.એસ.આઇ.જયેશભાઇપી.નિમાવત, રાજદીપસિંહ ડી.ગોહિલ, તથા પો.કોન્સ.ચેતનસિંહ વી.ચુડાસમાં, હિતેન્દ્રસિંહ પી.ઝાલા, મહેન્દ્રસિંહ વી.જાડેજા તથા પો.કોન્સ.અમીનભાઇ જી.ભલુર તથા હીરેન્દ્રસિંહ એન.પરમાર તથા સ્નેહભાઇ જી.ભાદરકા વિગેરે નાઓ સાથે રાજકોટ શહેર વિસ્તાર પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના એ.એસ.આઇ.રાજદીપસિંહ ડી.ગોહિલ, તથા પો.કોન્સ.સ્નેહભાઇ ભાદરકા તથા હિરેન્દ્રસિંહ પરમાર નાઓની સંયુકત બાતમી હકીકતના આધારે આજીડેમ ચોકડી થી ભાવનગર જતા હાઇવે રોડ પર આવેલ પ્રેમધ્વાર ફાર્મ હાઉસ પાસે નીચે મુજબના આરોપીને હસ્તગત કરી કોવીડ-૧૯ નું ટેસ્ટ કરાવવા માટે તજવીજ કરેલ છે.

| અ. નં. | મુદામાલની વિગત | સંખ્યા (નંગ) | કિમત રૂપીયા | |
|---|---|---|---|---|
| ૧. | દેશી બનાવટના તમંચો | ૦૧ | ૧૦,૦૦૦/- | |
| ૨. | જીવતા કાર્ટીઝ નંગ-૪ કિ.રૂ.૪૦૦/- | ૦૪ | ૪૦૦/- | |
| ૩. | તેમજ મો.સા. એકસસ વાહન નં.જી.જે.-૦૩ એલ.એચ.૦૮૯૯ | ૦૧ | ૪૦,૦૦૦/- | |
| | કુલ મુદામાલની કિમત- | | ૫૦,૪૦૦/- | |

**ગુ.ર.નંબર**

ડી.સી.બી.પોલીસ સ્ટેશનના સેકન્ડ ગુ.ર.નં.-૧૧૨૦૮૦૫૫૨૦૦૧૮૫/૨૦૨૦ આર્મ્સ એકટ કલમ 25(1-B)(a) મુજબ

**આરોપીઓના નામ તથા સરનામા**

(૧)શીવકુભાઇ સાર્દુળભાઇ સોનારા જાતે-કાઠી ઉવ.૪૧ રહે.ખોડીયારપરા, શેરી નં.-૨૬ જલારામ ફરસાણ વાળી શેરી આજી વસાહત રાજકોટ.

(ર)ભરતભાઇ સામતુભાઇ ધાધલ રહે.ખાટડી તા.ચોટીલા જી. સુરેન્દ્રનગર વાળા જેના મોબાઇલ નંબર-૯૯૨૪૨૨૪૯૯૪ (પકડવાનો બાકી)

**કામગીરી કરનાર અધિકારી/ કર્મચારીઃ-**

પોલીસ ઇન્સ્પેકટર શ્રીવી.કે.ગઢવી, તથા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી વી.જે.જાડેજા, તથા એ.એસ.આઇ.જયેશભાઇ પી. નિમાવત, રાજદિપસિંહ ડી.ગોહિલ તથા પો.હેડ કોન્સ.ચેતનસિંહ વી.ચુડાસમાં તથા હિતેન્દ્રસિંહ પી.ઝાલા, મહેન્દ્રસિંહ વી.જાડેજા તથા પો.કોન્સ.અમીનભાઇ ભલુર તથા હિરેન્દ્રસિંહ પરમાર, તથા સ્નેહભાઇ ભાદરકા નાઓ ધ્વારા કામગીરી કરવામા આવેલ છે.

તા.૧૬/૦૯/૨૦૨૦

( વી.કે.ગઢવી )
પોલીસ ઇન્સ્પેકટર
ડી.સી.બી. પો.સ્ટેશન
રાજકોટ શહેર